# ચિંતનાત્મક શિક્ષણ

**એલીશા કે. સરકારી**

મો **૯૯૧૩૩૨૬૬૧૧**, E-Mail. **alisha.sarkari@gmail.com**

શિક્ષણ એ આજીવન ચાલતી પ્રક્રિયા છે. આ પ્રક્રિયામાં જેમ જેમ વિજ્ઞાન ક્ષેત્રે પ્રગતિ થઈ છે તેમ તેમાં ઘણા પરિવર્તનો આવ્યા છે. આ પરિવર્તનોને સ્વીકારવા અને તે અંગે ચિંતન કરવા ચિંતનાત્મક અભિગમ જરૂરી છે. શિક્ષણમાં શિક્ષક એ કેન્દ્રસ્થાને છે. શિક્ષકે ચિંતનાત્મક અભિગમને વિકસાવવો જરૂરી છે. આ માટે ચિંતનાત્મક શિક્ષણ ઉપયોગી નીવડે છે. ચિંતનાત્મક શિક્ષણમાં ચિંતન બીજતત્વ છે. ચિંતનાત્મક શિક્ષણના કાર્ય પહેલા ચિંતન, કાર્ય દરમ્યાન ચિંતન અને કર્યા પછી કાર્ય અંગેનું ચિંતન એ તેની પ્રક્રિયા છે. તેમાં વિવેચનાત્મક પ્રક્રિયા અને અંતઃપ્રેરણા

ચાવીરૂપ ભૂમિકા ભજવે છે. જે સમગ્ર વિચાર પ્રક્રિયાને આશયપૂર્ણ અને હેતુપૂર્ણ બનાવે છે. અંતે વિવેચનાત્મક વિચાર ચિંતનાત્મક વિચારમાં પરિણમે છે.

### ચિંતનાત્મક શિક્ષણનો અર્થ

ચિંતનાત્મક શિક્ષણને ચિંતનાત્મક અધ્યાપન પણ કહેવામાં આવે છે. જ્યારે શિક્ષક: અધ્યેતા, અભ્યાસક્રમ, અધ્યયન પ્રક્રિયા, અધ્યયન અનુભવ સમુચ્ચય, અધ્યાપન વિધિ, અધ્યાપન ને અસરકારક બનાવવાની પ્રયુક્તિઓ ,વર્ગખંડ ભાવાવરણ, વર્ગવ્યહારો, શૈક્ષણિક ઉપકરણો અને તેનો વિનિયોગ ,પરીક્ષણ અને મૂલ્યાંકન , અધ્યયન અને અધ્યાપનના હેતુઓ, લક્ષ્યાંકો અને ધ્યેયો વગેરે વિષયક શિક્ષણકાર્ય કરતાં પહેલા, શિક્ષણકાર્ય દરમ્યાન અને શિક્ષણકાર્ય પછી સર્જનાત્મક, વિવેચનામ્ક અને નૈતિક દ્રષ્ટિકોણથી વિચારે તથા તેનેઆધારે ભાવિ પગલાં અંગે નિર્ણય કરે તેને ચિંતનાત્મક શિક્ષણ કહેવાય.

ચિંતનાત્મક શિક્ષણ એ શિક્ષકથી શરૂ થયેલી એવી ગૂંચળિયાળી પ્રક્રિયા છે. ચિંતનાત્મક શિક્ષણને શિક્ષકનું સ્વદર્પણ પણ કહી શકાય. ચિંતનાત્મક શિક્ષણ એ ઉત્તમતાની પ્રાપ્તિ માટેની ઝંખનાને ક્રિયાત્મક બનાવવાની પ્રક્રિયા છે. વર્ગશિક્ષણના તમામ પાસાં અંગે ચિંતન કરવું એટલે ચિંતનાત્મક શિક્ષણ .

ચિંતનાત્મક શિક્ષણ એટલે શિક્ષણને ગવેષણાત્મક બનાવવું એટલે શિક્ષણના વિવિધ આયામો અપનાવી શૈક્ષણિક સમસ્યાઓના સર્વોત્તમ ઉકેલની ખોજ કરવી, તેનો અમલ કરવો. તેના વિચારની પ્રક્રિયા યાંત્રિકતાથી શરૂ કરીને તાર્કિકતા તરફ જાય છે.

ચિંતનાત્મક શિક્ષણ શિક્ષક માટે અનુભવનો આયનો છે. શિક્ષક જેમાં પોતાના અનુભવને નિહાળી તે વિશે વિવેચનામ્ક દ્રષ્ટિકોણથી મનન કરે છે. આને પરિણામે ચિંતનાત્મક

શિક્ષણ શિક્ષકના વ્યવસાયિક વિકાસ માટેના પ્રેરણાસ્ત્રોત બને છે, તો સામે પક્ષે ચિંતનાત્મક શિક્ષણને વ્યવસાયિક વિકાસની નીપજ સાથે પણ સંબંધ છે .

**પેનિંગટન (૧૯૯૨)**

ચિંતનાત્મક શિક્ષણ એ અનુભવમાંથી શીખવાની પ્રક્રિયા છે. સફળતા અને નિષ્ફળતાના લેબલ પૂર્વેનું પ્રથમ ચરણ એટલે ચિંતનાત્મક વિચાર.

**સ્ક્રોન ડોનાલ્ડ (૧૯૮૩)**

ચિંતનાત્મક શિક્ષણમાં અનુભવ પર, અનુભવ વિશે અને અનુભવ માટે ચિંતન કરવાની ભલામણ. આમ સામાન્ય અર્થમાં અર્થસર્જનની પ્રક્રિયા એટલે ચિંતનાત્મક શિક્ષણ.

## ચિંતનાત્મક વિચાર

ચિંતનાત્મક વિચારમાં બે પ્રક્રિયાઓનો સમાવેશ થાય છે.

(૧) ચિંતનની પૂર્વાવસ્થા: જેમાં નિરાકરણીય સમસ્યા હોય છે જેનો ચિંતનાત્મક વિચારને આધારે ઉકેલ શોધવાનો હોય છે.

(૨) ચિંતનની ઉત્તરાવસ્થા:અહી સંશય ખતમ થઇ જાય છે ને તાણનું નિર્વહણ થઈ ગયું હોય છે.

## ચિંતનાત્મક વિચારની પ્રક્રિયા

**(૧) સૂચન:** તેમાં વ્યક્તિનું મન સમસ્યાના સંભવિત ઉકેલ તરફ આગળ વધે છે.

(૨) **પ્રબુદ્ધિકરણ:** અહી સમસ્યાનું સ્વરૂપ અને તેની સમજ મળતા ઉકેલની દિશા મળે છે. અહી સમસ્યાનાં સંદર્ભમાં વિવેચનાત્મક વિચાર કરવામાં આવે છે.

(૩) **ઉત્કલ્પના સંરચના:** સંભવિત ઉકેલો વિષે વિચારવામાં આવે છે. જેમાં અંતઃપ્રેરણા અને અંતઃસ્ફુરણા આ બે તત્વોનું કાર્ય મહત્વનું બને છે.

(૪) **ઉકેલની તર્કનિષ્ઠ ચકાસણી :** ઉત્કલ્પનાઓની આ તબક્કે તર્કને આધારે ચકાસણી કરી શ્રેષ્ઠ ઉકેલની પસંદગી કરવામાં આવે છે.

(૫) **ક્રિયાત્મક ઉકેલ:** તર્કને આધારે ચકાસણી કર્યા બાદ પસંદ કરેલાં શ્રેષ્ઠ ઉકેલને અહી અમલમાં મૂકવામાં આવે છે અને તે સૈદ્ધાંતિક રીતે સાચો છે કે નહીં તેની ચકાસણી થાય છે.

## ચિંતનાત્મક શિક્ષણ વિકસાવવા માટેના સોપાનો

ચિંતનાત્મક શિક્ષણ વિકસાવવા માટેના અગત્યનાં સોપાનો નીચે મુજબ છે.

તર્ક તત્પરતા

પડકાર ઝીલવાની ઇચ્છા

શોધ અને સ્વશોધ કૌશલ

અનુભવ અંગે વિચારવાની ,મનન કે ચિંતન કરવાની ક્ષમતા

જરૂરિયાત અનુસાર પરામર્શન કરવાની ક્ષમતા

વિશ્વાસ ,શ્રદ્ધા અને નિષ્ઠાના સઘનીકરણની ક્ષમતા

ઉપલબ્ધ જ્ઞાનના વિનિયોગની ક્ષમતા

**ચિંતનાત્મક શિક્ષકની લાક્ષણિકતાઓ**

**૧.વિષયવસ્તુ જ્ઞાનમાં નિપુણતા –** ચિંતનાત્મક શિક્ષક વિષયવસ્તુનાં તાંત્રિક સ્તરીય જ્ઞાનથી માંડીને તાર્કિક સ્તરીય જ્ઞાન ધરાવે છે. તેઓ વિષયચવસ્તુના નિષણાંત હોય છે તથા વર્ગખંડ અધ્યાપન માટેનાં જરૂરી ગૃહિતો પણ જાણતા હોય છે .

**૨. જવાબદાર નિર્ણયાત્મકતા –** ચિંતનાત્મક શિક્ષક અન્વેષણ અને પર્યાપ્ત સંશોધન પ્રક્રિયા પૂરી થાય પછી તે જે કંઈ નિર્ણય કરે છે તે નિર્ણયને માટે પોતે જવાબદારી અનુભવે છે. ચિંતનાત્મક શિક્ષક નિર્ણય કરે છે, કરાવતો નથી અને તેની જવાબદારી ઉઠાવે છે .જે નિર્ણય કરે છે તેમાં ગહન ચિંતન, જ્ઞાન અને નવી માહિતીનો ઉપયોગ કરી તાર્કિક નિર્ણયો સુધી પહોંચે છે .

**૩. તાર્કિક મૂલ્યાંકનધર્મિતા –** ચિંતનાત્મક શિક્ષક કોઈપણ નવવિચારનો સ્વીકાર કરતા પહેલા તેની ચકાસણી કરે છે, વિશ્લેષણ કરે છે અને પોતાના સંદર્ભના પરિબળોની ભાષામાં ઢાળવા પ્રયત્ન કરે છે, પૂર્વ અનુભવ સાથે અનુબંધ સાધે છે તેને મૂલવે છે. ત્યારબાદ પોતાના શૈક્ષણિક ધ્યેયો સાથે કરે છે. આમ, તે દરેક નવવિચાર પ્રત્યે તાર્કિક મૂલ્યાંકનધર્મિતા દર્શાવે છે . શશ્રળે

**૪. અધ્યયનમાં જીવંત અભિરુચિ –** ચિંતનાત્મક શિક્ષક અધ્યયન ક્ષેત્રનો વિદ્યાર્થી છે, જે હંમેશા શીખતો જ રહે છે. જે તેને અધ્યયનમાં જીવંત અને કાયમી રસ હોય છે. જે તેના અધ્યાપન વ્યવહારના કેટલાક પાસાંઓ વિષેની કુતૂહલતાનું પરિણામ છે.

**૫. ઉચ્ચસ્તરીય વ્યવસાયિક પ્રતિબદ્ધતા –** ચિંતનાત્મક શિક્ષકની આ મહત્વની લાક્ષણિકતા છે. તેમાં અધ્યાપનના, ધ્યેયો, લક્ષ્યાંકો, હેતુઓ, શાળાનું ભાવાવરણ, અધ્યાપન પદ્ધતિ વગેરે અંગે તાર્કિક વિચારણા અને એ વિચારણા પ્રમાણે કાર્ય કરવાની ક્ષમતાનો સમાવેશ થાય છે.

**૬. વ્યવહાર પ્રત્યે ગવેષણાત્મકતા –** ચિંતનાત્મક શિક્ષકની અધ્યાપન વ્યવહાર વિષયક વિચારણા હંમેશા પ્રશ્નમૂલક અને સંશોધનાત્મક માનાંક પર આધારિત હશે. તે અધ્યાપન વ્યવહાર બાબતે સાશંક પરિણામે ગવેષણાત્મક હશે. પોતાના વ્યવસાયમાં સાજજતા કેળવવા તે પોતે જ પોતાની વ્યાવસાયિક વિચારણનું સંશોધનાત્મક અવગાહન કરશે.

**૭. સ્વસમાલોચક –** ચિંતનાત્મક શિક્ષક પોતે પોતાની માન્યતાઓ, અભિપ્રાયો, વલણો, પોતાના વ્યવસાયિક જ્ઞાન, સમજણ, કૌશલ વગેરે વિષે પોતે જ સમલોચના કરે છે એટલે કે તે પોતાની મર્યાદાઓ અને વિશેષતાઓને જાણતો હોય છે .

**ચિંતનાત્મક શિક્ષણની જરૂરિયાત**

ચિંતનાત્મક શિક્ષણ એ અર્થગ્રહણની પ્રક્રિયા છે. શિક્ષણ ગુણવતા સુધારવા તેમજ તેમાં પરિવર્તનો લાવવા શિક્ષણના દરેક પાસાંઓ સાથે તે સંબંધિત છે.

**૧.અભ્યાસક્રમની દ્રષ્ટિએ**

- અભ્યાસક્રમને સમજવા
- અભ્યાસક્રમનું વિશ્લેષણ કરવા

- અભ્યાસક્રમને ભાવિજીવનની અપેક્ષાઓ સાથે સંકળવા
- અભ્યાસક્રમનો જીવાનુભવ સાથે અનુબંધ સાધવા
- અભ્યાસક્રમને યોગ્ય સ્વરૂપ આપવા
- અભ્યાસક્રમના આધારો રચવા
- અભ્યાસક્રમના સિદ્ધાંતો જાણવા
- અભ્યાસક્રમ રચનાની પ્રક્રિયાના સોપાનો જાણવા
- અભ્યાસક્રમ સંબંધિત દરેક પાસાંનો તાર્કિક રીતે ખ્યાલ મેળવવા
- અભ્યાસક્રમને વિવિધ અભિગમો સાથે સાંકળવા અને જોડવા

**૨. શિક્ષકની દ્રષ્ટિએ**

- અધ્યાપન વ્યૂહરચનાઓ ઘડવા
- અધ્યાપન અંગે વધુ ચિંતન કરવા
- વિષયવસ્તુને ઊંડાણપૂર્વક સમજવા
- શિક્ષણને ગુણવતાયુક્ત બનાવવા
- શિક્ષણકાર્ય પૂર્વે સજજતા પ્રાપ્ત કરવા
- ભવાવારણને સમજવા
- સર્જનાત્મક ચિંતન કરવા
- કલ્પનાશીલ વિચાર કરવા

**૩. શાળા સુધારની દ્રષ્ટિએ**

- શાળાની ગુણવતા વધારવા
- યોગ્ય ભાવાવરણને રચવા
- સંસ્થામાં પરિવેર્તન લાવવા
- કર્મચારીના વ્યવહારો–આચારો–વિચારોના યોગ્ય નિર્માણ માટે
- શાળા વ્યવસ્થાપનને મજબૂત બનાવવા
- કાર્યક્રમોનું યોગ્ય આયોજન કરવા

**ઉપસંહાર**

ચિંતનાત્મક શિક્ષણ શિક્ષકનો વ્યાવસાયિક વિકાસ તો કરે જ છે સાથે–સાથે શિક્ષણનો પણ વિકાસ કરે છે. ચિંતનાત્મક શિક્ષણએ આજના યુગમાં ઘણું અગત્યનું છે. શિક્ષણમાં ઉત્તમતાની પ્રાપ્તિ માટે અને ઉચ્ચસ્તરીય પરિણામ મેળવવા તેની ઘણી આવશ્યકતા છે.

**સંદર્ભ નોંધ**

અંધારિયા,આર.(૨૦૦૫).***ચિન્તનાત્મકશિક્ષણ: સિદ્ધાંત અને વ્યવહાર***.અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ,ગુજરાત રાજ્ય.

દવે,જે.(૧૯૮૬).***ભારતીય ચિંતકોનું શિક્ષણ ચિન્તન***. અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ,ગુજરાત રાજ્ય.

પરમાર,જી.,સિંહ,આર.એસ.(૨૦૧૨).***શિક્ષણના સિદ્ધાંતો***.ન્યૂ પોપ્યુલર પ્રકાશન.